# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

નીતરે કાયા, સૂર્ય-કોપ ડીગ્રીમાં મપાય છે,
અપાય છે છૂપો અગ્નિ દેહ-ભઠ્ઠી તપાય છે,
અપાય થર્ડ ડીગ્રી છાની, કયાપ જીવ અંદરથી -
શરીર જાણે સૂરંગ, જામગરી ચંપાય છે.
(તાપમાન ૪૫°)

## હાઇકુ

અહેવાલોથી
ગૃહ-મંત્રાલયનાં
ભર્યાં ગોદામ..
(રેપ-મૃત્યુ, બનાવો-પછી શું)

પિંખાય શાંતિ,
કચડાય કાયદા-
રડે સુરક્ષા..
(નિર્લજ મર્યાદા)

## ચિંતન

**સંસ્કારવતી એવ ગિરા મનીષી તથા સઃ પૂતઃ ચ વિભૂષિતઃ ચ ।**

સંસ્કારી ભાષા બોલનારા જ જ્ઞાની ગણાય છે તથા એનો ભાષક-બોલનાર પવિત્ર અને શબ્દાલંકાર-વાણીથી શોભાયમાન લાગે છે.

વાણી-ભાષા-માણસને મળેલી અદ્‌ભૂત ભેટ છે. હાથી-ઘોડા-કૂતરાં જેવાં બળવાન-શક્તિશાળી-વફાદાર પ્રાણીઓ માણસ કરતાં કેટલીક બાબતોમાં માણસ કરતાં ખૂબ જ ચઢિયાતાં છે પણ એ માણસની જેમ બોલી નથી શકતાં તેથી માણસ પાસે લાચાર થઇ જાય છે. માણસ ભાષા દ્વારા પોતાના સ્પષ્ટ વિચાર રજૂ કરી શકે છે.

...પણ આજકાલ આપણી ચૂંટણી સભાઓ અને ટીવી મૂલાકાતોમાં જોયું કે નેતાઓ જે સમાજનું નેતૃત્વ સંભાળી આમ જનતાને દોરવણી આપવાની જેમની જવાબદારી છે-એવા લોકો પણ અસંસ્કારી - અવિચારી ભાષા બોલી પોતાના અસંસ્કાર ને ઉઘાડા પાડે છે.

સારી સંસ્કારી ભાષા જ માણસની વ્યક્તિત્વની શોભા છે. આભૂષણ છે. કુળ-ચારિત્ર્યનો શણગાર છે. વિનય-વિવેકનો પડઘો છે. સારી વિવેકી ભાષા બોલનાર કયારેય કોઇનો અણગમતો બનતો નથી.

## સુવિચાર

- સારૂં કામ કરવા માટે ધન કરતાં પણ વધુ સરળ હૃદય અને દૃઢ સંકલ્પની જરૂર છે **- એસ. ભટ્ટાચાર્ય**
- ઘણીવાર વ્યક્તિના અહંકાર અને આત્મવિશ્વાસ વચ્ચે ભેદ કરવો મુશ્કેલ બની જાય છે **- ક્રાંતિ ભટ્ટ**
- મોટું વિચારો, ઝડપથી અમલમાં મૂકો, દુરંદેશી કેળવો... વિચારો ઉપર કોઇનો અધિકાર નથી **- ધીરૂભાઇ અંબાણી**
- આપણે આપણા શાસકોને નથી બદલી શકતા પરંતુ તેમની શાસન કરવાની રીત ને જરૂર બદલી શકીએ **- અરબી કહેવત**
- સમયસર નહીં, સમય પહેલાં કામ થવાની અપેક્ષા હું રાખુ છું **- ડો. કલામ**
- મુર્ખાઓ પાસેથી વખાણ સાંભળવા કરતાં, બુદ્ધિશાળી માણસ પાસે ઠપકો સાંભળવો ફાયદાકારક છે **- જ્ઞાનસૂત્ર**
- જવાબદારી સ્વીકારવાની ક્ષમતા એ માનવીની પ્રતિભાનો એક માપદંડ છે **- સરદાર પટેલ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજકાલ તો લાયકાત હોય કે ન હોય, થોડું-ઘણું લખતા હોય અને 'સાહિત્યકાર'નો વહેમ બેસી જાય! અને એ ભાથ્થાં પર પક્ષ, સત્તા-લાગવગના જોરે યુનિવર્સિટીઓ કે શિક્ષણના કોઇ મોટા હોદ્દાને શોભાવવા બેસી જાય 'ગાડી-બંગલાને પગાર'નો પુરસ્કાર મળી જાય!

પ્રેમચંદજી સાચા સર્જક હતા. સર્જક જીવ કોઇની ગુલામી સ્વીકારે નહીં કે ન કોઇનો ભય રાખે. નિર્ભય જ હોય. એમને ધન-દોલત, પદ-એવોર્ડની કદી-કંઇ જ પડી નો'તી.

અલ્વરના મહારાજા પ્રેમચંદજીના લેખન-સાહિત્યના મોટા પ્રશંસક હતા. જયારે એમને ખબર પડી કે આવા મહાન સાહિત્યકાર નિર્ધન અવસ્થામાં જીવન ગુજારી રહ્યા છે ત્યારે એમણે એક પત્ર લખ્યો.

'આપ, અહીં મારા રાજયમાં રહો અને મારા સચિવ તરીકે રાજયના વહીવટમાં મદદરૂપ થાવ, આપને સરકારી તિજોરીમાંથી માસિક ચારસો રૂપિયાનો પગાર પણ મળશે.'

પ્રેમચંદજીને મૂંઝવણ થઇ આવા પ્રશંસક રાજવીને ના કેમ પાડવી? વિનય, અપમાનનો પ્રશ્ન હતો. આમ છતાં વિચારપૂર્વક જવાબ લખ્યો.

આપ મારા લેખનના પ્રશંસક રહ્યા છો એ જાણી મને ખૂબ જ આનંદ થયો. પરંતુ હું તો એક સામાન્ય કલમ ચલાવનાર મજૂર છું આપ આપવા માગો છો એ પદને હું યોગ્ય નથી. તને વહીવટને લગતું કામ નહીં ફાવે - આ લખવાનું કામ ફાવી ગયું છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# એક ગરીબની નાનકડી ઓરડી - એક અમીરનો બંગલા

## - વિરોધાભાસી હૃદયદ્રાવક દૃશ્ય રજુ કરતું સુરેશ દલાલનું કાવ્ય

સુપ્રસિદ્ધ એવા કવિશ્રી સુરેશ દલાલ રચિત કાવ્યોમાં 'આવો તમે આવ્યા ભલે' નામક કાવ્ય વાંચી આપણી આંખો ભીની થઇ જાય છે. એક ગરીબના ઘરે મહેમાન પધારે છે. ગરીબ બિચારો અમરીના બાથરૂમ કરતાં પણ નાની ઓરડીમાં મહેમાનને આવકાર તો આપે છે અને બોલે છે આવો તમે આવ્યા ભલે પણ તમને બેસાડવા ક્યાં? ઓરડી એટલી નાની છે કે ગરીબના ઘરમાં થોડીક સમખાવા પુરતી ઘરવખરી જો કે અમીરના બંગલામાં આવી ઘરવખરી નકામી ગણીને ભંગાર રાખવાનાં ભંડકીયામાં નાખી દીધેલી હોય છે. ગરીબના ઘરમાં ભાંગેલા તૂટેલા વાસણો, અનાજ ભરવાના ખાલીખમ ડબલા, ફાટેલા તૂટેલાં ગંધ મારતા ગોદડાં, કપડાં મુકવા માટે અમીરના બંગલામાં હોય તેવા આધુનિક કબાટો તો કયાંથી હોય? એટલે ગરીબની ઓરડીમાં એક ખૂણામાં કપડાનાં ઢગલાં, ગરીબની ઓરડીમાં અભરાઇ તો છે પણ ઓરડીની સાઇઝની એટલે ભંગાર જેવો મુકાઇ તેટલો સામાન ગોઠવેલો હોય તો ક્યારેક અભરાઇ ઉપર ખાવાનું શોધવા ચઢેલા ઉંદરભાઇને ખાવાનું મળ્યું નહિં એટલે ગુસ્સો કરી કુદકો મારી ભાગ્યા અને કાંઇક ઠીબરૂં પછાડતા ગયા.

મહેમાન આવ્યા તો ખરા પણ ઓરડીમાં પ્રવેશદ્વાર તો હોય નહિં અને મહેમાનો પ્રવેશ કરવો હોય તો ગોઠણ સુધી વાંકા વળવું પડે નહિંતર માથું રંગાય જાય. મહેમાને તો એન્ટ્રી મારી દીધી એટલે ગરીબ માણસે કહ્યું જો જો સંભાળજો કોઇ વાસણ-ડબલું હડફેટે આવી ના જાય. મુંબઇમાં લોકલ ટ્રેઇનમાં જેવી ગરદી હોય તેવી આ ગરીબની ઓરડીમાં ગડદી હતી. ખૂણે ખાંચરે બધું જેમ તેમ પડ્યું હોય ગરીબ માણસે મહેમાનને ચેતવ્યા જો જો માથું ભટકાય નહિં. ગરીબ બિચારાને પોતાની હાલત ઉપર ગુસ્સો અને નફરત આવે છે. છતાં રોજબરોજની ભાંજગડથી ટેવાયેલો એટલે કરે પણ શું?

### ચેતનાનો સમય

**- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ**

મજબુરી છે ને? મહેમાનોને કહે છે કે નકામી લાગતી સામગ્રીને ઠેકાણે મુકવા જેમ તેમ સગવડ તો કરી છે પણ મહેમાનને ઉભા રખાય તો નહિં ને? મહેમાનને બેસાડવાની જગ્યા પણ નથી. અભરાઇ ઉપર મુકાય તેટલી ઘરવખરી મુકી છે પણ મહેમાનને અભરાઇ ઉપર થોડા બેસાડાય? ઓરડી પાછી એવી બંધિયાર કે સૂર્યના કિરણને પ્રવેશવાની જગ્યા હોય નહિં. વસ્ત્રો અને વાસણો જેમ તેમ ખૂણે ખાંચરે પડ્યા છે તેની પાસે બે નાગાપુગા બાળકો (શ્રીમંતના ઘરમાં નકામી વસ્તુ જેવા) આડા પડ્યા છે. કવિશ્રી તેમના આ કાવ્યમાં એક ગરીબની હાલતનું હૃદયદ્રાવક દ્રશ્ય રજું કર્યુ છે. ગરીબની ઓરડીમાં બારી તો નથી પણ એક બાકોરૂ છે જે બારીના વિકલ્પમાં કામ કરે છે. ગરીબની ઓરડીની પાછળ એક ખુલ્લી ગટર છે.

આ ખુલ્લી ગટરમાંથી ચોવીસે કલાક ગંધ આવ્યા કરે છે. ઓરડીમાં પ્રવેશેલી ગંધને પાછા જવાની જગ્યા નથી એટલે ગંધ એકઠી થયા કરે છે. મહેમાનો નાક આડો હાથ રૂમાલ રાખી દીધો. ગંધથી બચવા માટે. છતાં ગરીબ માણસ મહેમાનને કહે છે જો જો ગંધથી બેભાન થતા નહિં.

આનાથી વિપરીત એવું અમીરના બંગલાનું ચિત્ર રજૂ કરતું કાવ્ય છે. જેનું મથાળું છે 'આવો તમે જોડા ઉતારો ના' આ કાવ્યમાં ગરીબની ઓરડી કરતાં કવિએ જુદુ જ ચિત્ર રજૂ કરેલ છે. અમીરના બંગલામાં પધારેલ મહેમાનને કહે છે આવો આવો વેલકમ. મહેમાન જોડા ઉતારવા જાય છે ત્યાં અમીરભાઇ કહે છે જોડા નહિં ઉતારો તો ચાલશે. મહેમાન કહે છે કે આ કાર્પેટ બગડશે નહિં? તો અમીરચંદ બોલ્યા આ કાર્પેટ હમણાં જ ફોરેનથી મંગાવી છે બગડશે તો બીજી મંગાવી લેશું. મહેમાનને ડ્રોઇંગરૂમ બતાવે છે. કોઇ નાટકનું સ્ટેજ શણગાર્યું હોય તેવો વિશાળ ડ્રોઇંગરૂમ. ગરીબની ઓરડીમાં ડ્રોઇંગરૂમ તો કયાંથી હોય? ડ્રોઇંગરૂમમાં શોભાનાં ગાંઠિયા જેવા ચિત્રો ટીંગાડ્યા છે ચિત્રોમાં શું છે એ તો માલિકને ય સમજ પડતી નથી. પણ આવો બધો શણગાર ના કરે તો અમીરીનું પ્રદર્શન થાય નહિં ને! વળી મહેમાનને અમીરચંદ કહે છે કે અમારા બંગલામાં ઘરનાં દરેક સભ્યને માટે અલગ અલગ બેડરૂમમાં બધાને માટે અલગ અલગ ટીવી. દરેક રૂમોની બારીઓ ઉપર મોંઘાદાટ પડદા જ પડદા અમીરાઇનું પ્રદર્શન તો કરવું જ પડે ને!

મહેમાન તો આ બધું ફાટી આંખે જોઇ રહે છે. અમીરચંદ કહે છે કે બોલો શું લેશો? ઠંડુ, ગરમ, દારૂની ફોરેનથી મંગાવેલી બોટલ પણ હોય. અમારે ત્યાં તો બધું રાખવું પડે. મહેમાનને ભાવે તેવું પીરસવું પડે ને! મહેમાન બોલ્યા તકલીફ સા માટે લો છો? માલિક બોલ્યા એમાં વળી તકલીફ શાની? અમારે ત્યાં રોજેબરોજ અવનવા મહેમાન પધાર્યા જ કરે. વળી પાછા અમીરચંદ બોલ્યા. અમારે તો ઘરમાં માટલા ફાટલા રાખીએ નહિં. ઘરમાં રેફ્રીજરેટરમાંથી ઠંડા પાણીના બાટલામાંથી ડાયરેક્ટ ઠંડુ પાણી પીઇ લઇએ વળી નળમાંથી ચોખ્ખું પાણી ના આવે એટલે આરઓ પ્લાન્ટ નાખવો પડે જેમાં ચોખ્ખું પાણી થઇ જાય. અમીરચંદ વળી વટ મારતા બોલ્યા અમારે તો દરેક રૂમમાં એર કન્ડીશનર નાખ્યા છે. ગરીબની ઓરડીમાં તો હાથપંખો પણ ના હોય એટલે ફાટેલાં કપડાં કે ગરીબની પત્ની ફાટેલી સાડીના છેડાથી હવા ખાઇને ગરમીને ભગાડવે ત્યાં તો ફોનની ઘંટડી વાગે છે. અમીરચંદ બોલ્યા અમારે તો આખો દહાડો ફોન રણક્યા જ કરે. લોકો પણ ફોન કર કર કરે. પણ કરીએ શું? ફોન કરનાર ભાઇ અમીરચંદને ફોનમાં કહે છે. પ્રમુખ થવું છે? ગરીબને કોઇ પ્રમુખ થવાનું પુછે ખરૂં? અમીરચંદને તો બધા રાજકીય પક્ષોવાળા બોલાવે પાછા મહેમાનને વટ મારતાં બોલે શું કરીએ પ્રમુખ થયા વગર છૂટકો જ નથી.

અમીરચંદને પ્રમુખ થવાની, મોટો નેતા થવાની ખંજવાળતો ઉપડી હોય. પછી કોઇક મોટા ફંકશનમાં અમીરચંદને ઉદ્‌ઘાટન કરવા બોલાવે અને સાદાઇ વિષે બે બોલ બોલવા પડે. અમીરચંદના બગલામાં સાદાઇના તો દર્શન થતાં ના હોય પણ ભાષણમાં સાદાઇ વિષે બોલવું પડે. ડ્રોઇંગરૂમમાં તો મસમોટા આધુનિક ફ્લેટ ટીવી ટીંગાડેલા હોય. વળી અમીરચંદના બગલામાં જગ્યા જ જગ્યા હોય. ખૂણે ખાંચરે અવનવા ફ્લાવર વાઝ ગોઠવેલાં હોય. એકાદ લેટેસ્ટ માછલીઘર હોય. માછલીઓ પણ કેવી અવનવી રંગબેરંગી રૂડી રૂપાળી જાણે કે કોઇ ઓફિસની ટાઇપીસ્ટ ગર્લ જેવી. ઘરમાં તો વળી રૂડીરૂપાળી કામવાળી છે. મહેમાન બોલ્યા ભાભી નથી? અમીરચંદ બોલ્યા એ તો બહારગામ ગયા છે મહેમાન તો પહેલી વખત પધારેલા એટલે પુછાઇ ગયું કેમ છો ભાભી? અમીરચંદ બોલ્યા એ તો બહારગામ ગયા છે. આ તો નોકરાણી છે. મહેમાને પુછ્યું બાળકો ક્યાં છેબોલ્યા એ તો બહારગામ અમીરચંદ બોલ્યા હશે ક્યાંક આડાઅવળાં રખડતાં હશેબોલ્યા એ તો બહારગામ ગરીબની ઓરડીની પાછળ ખુલ્લી ગટરની ગંધ ભેગી થયા કરે પણ અમીરનાં બંગલામાં ડ્રોઇંગરૂમનાં એક કોર્નરના શોકેઇઝમાં વિવિધ પ્રકારની સુગંધવાળા રૂમ સ્પ્રે. અમીરચંર બોલ્યા. હમણાં જ દુબઇથી આ બધા છાંટીને રૂમને સુગંધિત કરીને મહેમાનને સુગંધ સુગંધ કરી દીધા.

ગરીબની પાસે ગટરની ગંધ ને મારવા રૂમ સ્પ્રે તો ક્યાંથી હોય? કવિશ્રીએ એક બાજુ ગરીબની નાનકડી ઓરડીનું હૃદયદ્રાવક ચિત્ર રજૂ કર્યું છે તો બીજી બાજુ એક અમીરના બંગલાનું ચિત્ર રજુ કરીને સમાજનું એક વિરોધાભાસી ચિત્ર દર્શાવ્યું છે. જેમાં એક કટાક્ષ કર્યો છે. વળી અમીરચંદના બંગલામાં બધા માટે એટેચ બાથરૂમ સાથેનાં મસમોટા બેડરૂમો. એટેલ બાથરૂમમાં વળી અવનવા લેટેસ્ટ મોડેલના નળો અને પાણી ગરમ કરવા માટેનાં લેટેસ્ટ ગીઝર હોય. ગરીબની ઓરડીમાં બાથરૂમ તો ક્યાંથી હોય. બહાર એક પથ્થર ઉપર નાહીં લેવાનું. સંડાસ જવા માટે બહાર કોઇક ખુલ્લી જગ્યા શોધી લેવાની. મારા વતનના ગામમાં હું નાનો હતો ત્યારનો એક ગરીબ મિત્ર નાનકો જોગી. અમે નાનપણના મિત્રો નાનકા જોગીના ઘરે (ઓરડીમાં) જઇએ એટલે ગોઠણ સુધી વાંકા વળીને જઇને બેસીએ. નાનકા જોગીની માં વાલી જોગણ અમને દૂધ વગરની ચા જેને કાવો કહે તે પીવડાવે. પણ અમે એ કાવો પ્રેમથી પીએ. અમીરચંદ જેવો વટ રાખ્યા વગર. બાપા માસ્તર અને પગાર સાડા બાર રૂપિયા. અમને ક્યારેક બાપા તરફથી કાણા વાળો પૈસો વાપરવા મળે તે લઇને દોડીને વેપારી હઠુ વાણીયાને ત્યાં જઇને ગોળો લઇએ અત્યારની જેમ અવનવી ચોકલેટ નહોતી. ગોળો એટલે નાનકડો ખટમીઠો હોય અને મોં મા નાખીને ચગળીયે. એમાં પણ વારાફરતી એક બીજાને એંઠો ચગળીએ.

# ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠકમાં જાણીતા સાહિત્યકાર કનૈયાલાલ ભટ્ટની કૃતિઓનું પઠન થશે

**સમાચાર સેતુ**

● ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠકમાં જાણીતા સાહિત્યકાર કનૈયાલાલ ભટ્ટની કૃતિઓનું પઠન.

ગાંધીનગર સાહિત્યસભાની માસિક બેઠક તા. ૮/૬/૨૦૧૪ ના રોજ સાંજે ૬.૦૦ સેક્ટર-૨૧ ગાંધીનગર ખાતે મળશે જેમાં જાણીતા સાહિત્યકાર, નાટ્યકાર અને વાર્તાકાર કનૈયાલાલ ભટ્ટ ઉપસ્થિત રહી તેમની સાહિત્યયાત્રા અંગે વકતવ્ય આપશે.

કનૈયાલાલ નાગરદાસ ભટ્ટ 'ચિંતક'ના ઉપનામથી સાહિત્ય સર્જન કરે છે. 'હું પણછ ખેંચીશ નહીં' અને તે પછી 'શબ્દાક્ષત' કાવ્ય સંગ્રહ ઉપરાંત ચરિત્ર 'મૃત્યુ લોકના અમર માનવી' નાટક - મારાં દશ એકાંકીઓ, વિવેચન-સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીત કવિતા સ્વરૂપ અને વિકાસ અને મુખ્ય સીમાસ્તંભ, છ ગીત કવિ એક અભ્યાસ, રમેશ પારેખનું કાવ્ય વિશ્વ એક સમીક્ષા, સંપાદન - ભારતીય ભાષાકોષ, ગુજરાતી - હિન્દી શબ્દકોશ, માતા કૈકેયી, નાટક રૂપાંતર છીન્નમસ્તા (ડો. ઇન્દીરા ગોસ્વામીની નવલકથા)નો અનુવાદ જેવાં પુસ્તકો પ્રગટ થયાં છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સાહિત્યમાં રસ ધરાવતા ભાવકો અને સાહિત્યસભાનાં સૌ સભ્યોને જણાવાયું છે.

ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા તાજેતરમાં બાલોત્સવ-૨૦૧૪નો સુંદર કાર્યક્રમ કડી કોલેજના નાથીબા હોલ ખાતે યોજાઇ ગયો જેમાં ગાંધીનગર સાહિત્ય સભાના ઉપપ્રમુખ નટવર હેડાઉ તેમજ જાણીતા ગઝલકાર અને બાળ સાહિત્યકાર ફિલીપ કલાર્ક ઉપસ્થિત રહ્યાં હતા.

ઉનાળાનું વેકેશન પુરૂં થવા આવ્યું છે છતાં આઇ.પી.એલ.નો ક્રિકેટ ફીવર એવો જ સૌના દિલોદીમાગમાં છવાયેલો છે. ત્યારે ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ દ્વારા નવી પેઢીના વ્યક્તિત્વ ઘડતર માટે વિદ્યાર્થી વાંચનમાળા દ્વારા વિવિધક્ષેત્રોની વિરલ વિભૂતિઓનાં પ્રેરક જીવન ચરિત્રોનું પ્રકાશન કરવામાં આવે છે તે અંતર્ગત 'વિશ્વના ક્રિકેટ ખેલાડીઓ' ના જીવન વિષે બાળકો જાણી શકે અને તેઓને અનેક સંઘર્ષો અને સમસ્યાઓનો સામનો કરી કઇ રીતે સફળતા મેળવી તેની પ્રેરણા આપે તેવી સુંદર વીસ પુસ્તીકાઓ પ્રગટ કરી છે. જેમાં સર ડોન જયોર્જ બ્રેડમેન, સચીન તેંડુલકર, સુનિલ મનોહર ગાવસ્કર, રિકીં પોન્ટિંગ, બ્રાયન લારા, રાહુલ દ્રવિડ 'ધા વોલ', 'જયોર્ફ બોયકોટ', ગુડપ્પા વિશ્વનાથ, મન્સૂર અલી ખાન પટોડી, જોન્ટી રોડ્સ, મુથ્થૈયા મુરલીધરન, અનિલ કુંબલે, ચંદ્રશેખર, સર ગારફિલ્ડ સોબર્સ, જેક કાલિસ, ઇયાન બોથમ, કપિલ દેવ, સર રિચાર્ડ હેડલી, સનત જયસુર્યા, વિનુ માંકડ વિગેરેનો સમાવેશ કરાયો છે. દરેક પુસ્તિકાની કિંમત રૂા. ૫૦ છે. જગદીશ શાહ અને જયવંત પંડ્યા દ્વારા રસપ્રદ શૈલીમાં લખાયેલા આ નાનકડી પુસ્તિકાઓમાં ખુબ સરસ, મહત્ત્વપૂર્ણ માહિતીઓ મળી રહે છે.

● જૈન મુનિ આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ દ્વારા જીવનલક્ષી પ્રેરણાત્મક પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવે છે. જેને વૈશ્વિક સ્તરે **'Golden book of world Records'** થી સન્માનિત કરવામાં આવેલ છે અને **Most Numbers of books Author** તરીકે જેની નોંધ લેવામાં આવેલ છે. તેમનાં દ્વારા અત્યાર સુધીમાં ૨૮૧ જેટલાં પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. જે પૈકી મળેલાં ચાર પુસ્તકો સીધી વાત હૃદય સાથે, એ ટૂ ઝેડ, સસ્પેન્સ, ખાલીખમની વાત મારે તમને કરવી છે.

### સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
### શબ્દ સેતુ

સંપાદક - નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

● **સીધી વાત હૃદય સાથે -**

પુસ્તકમાં લેખકે ૫૦ કથાઓનું આલેખન કર્યું છે. અને દરેક કથાની સામે ચાર પ્રશ્નો મુક્યા છે. જેના જવાબ આપણે હૃદય પાસેથી માંગવાના છે. હૃદય પાસેથી જવાબો જો સંતોષકારક મળે તો આપણે આનંદના આસમાનમાં ઉડવા જેવું છે. પણ નિરાશાજનક જવાબો મળે તો નિરાશ બન્યા વિના જીવનને અને મનને પવિત્ર અને નિર્મળ બનાવવાની દિશામાં આપણે ગંભીરતા પૂર્વક પ્રયત્નશીલ બની જવાનું છે.

● **A to Z -**

સુર્યોદયથી સૂર્યાસ્ત, જન્મથી મૃત્યુ, વસંતથી પાનખર, આ બધા અનુભવો તો ખુબ કર્યા પણ અહીં લેખક આપણને એક એવા અનુભવમાંથી ગુજરવાની વાત કરે છે જે આત્માને પરમાત્મા બનાવી દેવામાં જબરદસ્ત સહાયક બની રહે છે.

● **ખાલીખમ -**

વ્યવહાર જગતમાં સ્વજનના મોતે મસ્તક પરના કેશને મસ્તક પરથી ખાલીખમ કરી નાંખવામાં આવે છે. જયારે આધ્યાત્મ જગતમાં સ્વ - કષાયોના મોતે આત્મા પર વળગેલા કર્મો આત્મા પરથી સ્વયં ખાલીખમ થઇ જાય છે. શી રીતે ? એ જાણવા આ પુસ્તક વાંચવા જેવું છે.

● **સસ્પેન્સ -**

મુઠ્ઠી બંધ હોય છે ત્યારે આપણને એ રહસ્યમય લાગે છે. કારણ કે બંધ મુઠ્ઠીમાં શું હોઇ શકે એની આપણને કશી જ ખબર હોતી નથી. આજનો યુગ 'ડિગ્રી'નો છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આપણે લેખની શરૂઆત 'બૂરે દિન'થી કરી હતી પરંતુ તેનો અંત 'અચ્છે દિન'થી આવે છે!

'અચ્છે દિન આનેવાલે હૈ' ના માહોલમાં આપણે જયારે સાંભળીએ કે 'બૂરે દિન આ ગયે હૈ!' તો કેવો થર્મલ શોક લાગે?!

તેથી એ સાંભળી અમે ચોકી ગયાં! હિન્દુસ્તાનનો કોઇ પણ નાગરિક આ સાંભળે તો ચોંકી જ જાય ! સિવાય કે મમતા બેનર્જી, નીતિશકુમાર કે લાલુ યાદવ! એ લોકો એટલા માટે નહીં ચોંકે કે તેમના માટે તો ખરેખર બૂરે દિન આ હી ગયે હૈં! હવે વાત જાણે એમ છે કે અમારા મિત્ર અમારે ત્યાં આવતાંવેંત આ વાક્ય બોલ્યા! અને મોઢા પર આશ્ચર્ય મિશ્રિત પ્રશ્નાર્થ ભાવ લાવી તેમના સામે જોયું તો જોલી સ્વભાવના તેમણે ફોડ પાડ્યો - 'પિયર ગયેલા મારા પત્ની વહેલા પાછા આવી ગયા છે!'

તેમણે વાત આગળ વધારતાં કહ્યું કે - 'મેં જયારે પત્નીને વહેલા પાછા આવી જવા અંગે પુછ્યું તો પત્નીએ કહ્યું - 'મને ચિંતા થયા કરતી હતી કે તમને ખાવા-પીવાની તકલીફ થતી હશે એટલે જલ્દી પાછી આવી ગઇ!'

અમારા મિત્રે મૂછમાં હસતાં કહ્યું કે 'ગાંધીનગરમાં 'ખાવા'ની તકલીફ તો હોય જ નહીં! જે કાંઇ તકલીફ હોય તે 'પીવા'ની જ હોય! આ રીતે અમારા મિત્રને વાતે વાતે મજાક કરવાની આદત છે! વળી વાસ્તુશાસ્ત્રમાં માનતા તેમને ખ્યાલ છે કે માઇનીઝ વાસ્તુશાસ્ત્ર - ફેંગ શૂઇ - પ્રમાણએ ઘરમાં જો વાસ્તુદોષ હોય તો 'ચિંગ-ચાંગ' ઉર્જા સિદ્ધાંત દ્વારા વાસ્તુદોષનું નિવારણ થાય છે અને 'હાસ્ય' એ ચાંગ (સારી) ઉર્જા ઘરમાં આવે છે.

### બૂરે દિન આ ગયે હૈં!
### હળવાશની ક્ષણોમાં!

**ચિત્રસેન શાહ**

ખરેખર તો અમારો મિત્ર પહેલીજૂનના રોજ અમારી મેરેજ એનીવર્સરી પર અમને અભિનંદન (ખરેખર તો દિલાસો કે સાંત્વના!) આપવા આવ્યો હતો! એ મિત્ર મેરેજ દિવસને 'શહિદ દીન' તરીકે ઓળખાવે છે કારણ કે તે દિવસથી પતિ તેની સ્વતંત્રતા ગુમાવી 'શહિદ' થઇ જાય છે!

'આઝાદી' મેળવવા નહીં પરંતુ 'આઝાદી' ગુમાવવા!

પતિ સ્વતંત્રતા ગુમાવે છે તે એટલી હદે કે તે દિવસથી પતિ પલંગની બીજી બાજુથી ઉતરી પણ શકતો નથી!

અને જોરૂકા ગુલામ બનીને રહી જાય છે! કારણ કે પત્નીએ 'ધણીને ધાકમાં રાખે!' પુસ્તક વાંચ્યું હોય છે!

આ અમારા લગ્નની એનીવર્સરી પર અમે બંને ફેલીલીએ પિક્ચર જોવા જવાનું નક્કી કર્યું. જે પિક્ચર જોવા જવાના તા તે પિક્ચર જેમણે જોયું હતું તેવી એક વ્યક્તિને અમે તે પિક્ચર અંગે પુછ્યું તો તેમણે 'નરોવા કુંજરોવા' જેવો જવાબ આપ્યો! તેમણે કહ્યું કે 'મગજ ઘરે મૂકીને જશો તો ગમશે!' અમે તો તે પિક્ચર જોવા ઉપડ્યા! પરંતુ ઉતાવળમાં 'મગજ' ઘેર રાખવાનું ભૂલી ગયેલાં!

આ જોક લખવા પાછળનું મૂળ કારણ છે અમે વાંચેલા એક સમાચાર કે જે ઉપરની પરિસ્થિતિમાં કામ લાગી શકે! એ સમાચાર છે -

સ્ટેનફોર્મના વૈજ્ઞાનિક કાર્લ દેઇસ્સેરોથે લાઇટનો ઉપયોગ કરી મગજના કોષોની પ્રવૃત્તિ કઇ રીતે 'On' અને 'Off' કરવી તે અંગેની ટેકનિક વિકસાવી છે! તેથી તમે તમારા મગજને ગમે ત્યારે 'On' કે 'Off' કરી શકો! આ રીતે તમે ફાલતું પિક્ચર પણ મગજને 'Off' રાખી આનંદથી જોઇ શકો!

શ્રી નરેન્દ્ર મોદી પ્રાઇમ મિનિસ્ટર બન્યા પછી જેમ બીજા જ દિવસથી ધડાધડ ક્રાંતિકારી નિર્ણય લેવા માંડ્યા છે. તેવી જ રીતે આજકાલ અનવવા 'બ્રેકીંગ ન્યૂઝ' પણ વાંચવા સાંભળવા અને જોવા મળી રહ્યાં છે! તો હવે વાંચો એવા જ બીજા એક રસપ્રદ બ્રેકીંગ ન્યૂઝ!

'હવે માણસ ફેબ્રીકની મદદથી કાચિંડાની જેમ રંગ બદલી શકશે!' ટેક્સટાઇલ ડીઝાઇનરોએ હવે ઇન્ટરેક્ટીવ ઇલેક્ટ્રોનીક ફેબ્રીકની મદદથી કપડાંનો રંગ બદલી શકાય તેવી ટેકનિક વિકસાવી છે!

જો કે આમેય તે માણસો પરિસ્થિતિ સ્થળ, કાળ ને અનુરૂપ કાચિંડાની જેમ રંગ બદલતા જ હોય છે ને!

● સુપ્રીમકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ કાત્જુ જે ગઇકાલ સુધી મોદીના વિરોધી હતા તે પણ હવે રંગ બદલવા લાગ્યા છે ને!

● પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ હવે ખરેખર 'શરીફ' બનવાનો કદાચ પ્રયત્ન કરશે! અત્યારે તો રંગ બદલાયેલો લાગે છે!

● અમેરિકાના ઓબામાએ તો રંગ બદલવાનું કયારનુંય શરૂ કરી દીધું છે! એવું સાંભળ્યું છે કે તેમણે 'વાઇબ્રન્ટ ગુજરાત-૨૦૧૫' માં આવવા માટે ગુજરાતના વિઝા માગ્યા છે! ભલભલા લોકો કાચિંડાની જેમ રંગ બદલવા લાગ્યા છે!

આને કહેવાય મોદી ઇફેક્ટ!

અમને વાંચકોને 'બ્રેકીંગ ન્યૂઝ' આપ્યા જ કરવા છે! હવે વાંચો ફ્રાન્સના એક બહુ જાણીતા ભવિષ્યવેતા નાસ્ટ્રોડોમસે ૪૫૦ વર્ષ પહેલા લખેલી ભવિષ્યવાણી!

સંવત ૧૫૫૫માં ફ્રેન્ચ ભાષામાં લખાયેલ એ ભવિષ્ણવાણીનો મરાઠી ભાષામાં અનુવાદ જયોતિષાચાર્ય ડો. રામચંદ્રજીએ કરેલ છે. જેનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે -

'૨૦૧૪ થી ૨૦૨૬ સુધી ભારતનું નેતૃત્વ આધેડ ઉંમરનો લોખંડી મનોબળવાળો અને દૈવી તેમજ દિવ્યશક્તિવાળો એક માણસ કરશે કે જેને લોકો શરૂઆતમાં નફરત કરશે પરંતુ ત્યારબાદ દેશની જનતા એટલો પ્યાર કરશે કે તે વ્યક્તિ દેશની દશા અને દશા બદલવા તેમજ દેશમાં રામરાજય સ્થાપવા પોતાની જાનની પરવા પણ કરશે નહિં!'

પ્રાઇમ મિનિસ્ટરે શપથગ્રહણના બીજા જ દિવસથી ક્રાંતિકારી નિર્ણયો તેમજ 'Bold & Beautiful' નિર્ણયો લેવાની શરૂઆત કરી દીધી છે જેવા કે -

● વિસ્થાપિત કાશ્મીરી પંડિતોને તાત્કાલિક ફરીથી કાશ્મીરમાં વસાવવા. ● POK (Pakistani Occupied Kashmir) ને નવી ઓળખ - P.O.K. J & K આપવી વગેરે. ● તે પરથી નથી લાગતું કે ઉપરોક્ત ભવિષ્યવાણી સામી પડી રહી છે?!

આપણે લેખની શરૂઆત 'બુરે દિન આ ગયે હૈ!' થી કરી હતી કારણ કે અમારા મિત્રે મજાકમાં કહ્યું હતું કે તેમના પત્ની પિયરથી પાછા આવી ગયા છે! પરંતુ અમે અમારા મિત્રને કહ્યું 'હમારે લિયે તો અબ અચ્છે દિન આનેવાલે હૈ!' કારણ કે અમારા પત્ની પિયર જઇ રહ્યા છે!

આપણે લેખની શરૂઆત 'બૂરે દિન'થી કરી હતી પરંતુ તેનો અંત 'અચ્છે દિન'થી આવે છે! આ છે લેખ વાંચવાનો ફાયદો!